O DIVINE and adorable Mother, with Thy help what is there that is impossible? The hour of realisations is near and Thou hast assured us of Thy aid that we may perform integrally the supreme Will.

Thou hast accepted us as fit intermediaries between the unthinkable realities and the relativities of the physical world, and Thy constant presence in our midst is a token of Thy active collaboration.

The Lord has willed and Thou dost execute:
A new Light shall break upon the earth.
A new world shall be born,
And the things that were promised shall be fulfilled.

હે મા ભગવતી! તારી સહાય હોય તો પછી શું અશક્ય રહે છે ? સાક્ષાત્કારની ઘડી પાસે આવી છે. તારી પરમ ઇચ્છાને અમે સંપૂર્ણપણે સાકાર કરીએ એ કાર્યમાં તારી સહાય આપવાની તેં ખાતરી આપી છે.

આ સ્થૂલ જગતની સાપેક્ષ વસ્તુઓ અને અચિંત્ય પરમ સત્ય એ બે વચ્ચે સુયોગ્ય સંયોગકાર તરીકે તેં અમને સ્વીકાર્યાં છે. અમારી પાસે તારી હાજરી અખંડ રહે છે એ સૂચવે છે કે તું અમને સક્રિયપણે સહકાર આપી રહ્યો છે.

પ્રભુનો સંકલ્પ થયો છે, તું તેને સાકાર કરે છે;
પૃથ્વી ઉપર એક નવીન પ્રકાશ પ્રગટશે.
એક નવી સૃષ્ટિ જન્મ પામશે.
અપાયેલાં વચનો પાર પડશે.

- The Mother - શ્રી માતાજી

Prayers and Meditations – 25 September, 1914 / પ્રાર્થનાઓ અને ધ્યાન – ૨૫ સપ્ટેમ્બર ૧૯૧૪

From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ ● January 2022
https://themothersprosperity.org

Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2022
JANUARY
૧ જાન્યુઆરી, ૨૦૨૨

Column of Light
પ્રકાશનો સ્તંભ

O LORD, for perfect consciousness we aspire . . .

All the being is gathered into a well-tied sheaf made of various but harmonised flowers. The will was the hand that gathered the flowers and the tie that bound the sheaf and it is the will that now holds it out to Thee like a scented offering. To Thee it is held out unweariedly, without faltering.

હે પ્રભુ, અમે પૂર્ણ ચેતના માટે અભીપ્સા કરીએ છીએ...

આખુંયે સ્વરૂપ એક સજ્જડપણે બાંધેલાં, જુદી જુદી જાતનાં પણ બધાંય એકી સાથે સંવાદપૂર્ણ બનેલાં પુષ્પોના હારની માફક એકાગ્ર બનેલું છે. સંકલ્પ જ એ હાથ છે જેણે પુષ્પો ભેગાં કર્યાં, જેણે દોરીથી બાંધીને એક ગુચ્છ બનાવ્યો, અને હવે એ જ તને સુગંધિત અર્પણ તરીકે એ ગુચ્છ આપે છે. એ તારી પ્રત્યે વણથાકયે, જરાયે હાલ્યાચાલ્યા વિના લંબાવી રાખેલો છે.

- The Mother - શ્રી માતાજી

Prayers and Meditations – 9 November, 1914 / પ્રાર્થનાઓ અને ધ્યાન – ૯ નવેમ્બર ૧૯૧૪

– Column of Light –

THERE was no longer any body, no longer any sensation; only a column of light was there, rising from where the base of the body normally is to where usually is the head, to form there a disk of light like that of the moon; then from there the column continued to rise very far above the head, opening out into an immense sun, dazzling and multicoloured, whence a rain of golden light fell covering all the earth.

Then slowly the column of light came down again forming an oval of living light, awakening and setting into movement — each one in a special way, according to a particular vibratory mode — the centres above the head, in the head, the throat, the heart, in the middle of the stomach, at the base of the spine and still farther down. At the level of the knees, the ascending and descending currents joined and the circulation thus went on uninterruptedly, enveloping the whole being in an immense oval of living light.

Then slowly the consciousness came down again, stage by stage, halting in each world, until the body-consciousness returned. The recovery of the body-consciousness was, if the memory is correct, the ninth stage. At that moment the body was still quite stiff and immobile.

Prayers and Meditations - The Mother

21 July 1914

– પ્રકાશનો સ્તંભ –

હવે શરીર રહ્યું નહોતું, કોઈ સંવેદન રહ્યું નહોતું; માત્ર પ્રકાશનો એક સ્તંભ હતો, સામાન્ય રીતે જ્યાં શરીરનો મૂલાધાર હોય છે ત્યાંથી ઉપર ચડતો ચડતો તે જ્યાં સામાન્ય રીતે મસ્તક હોય છે ત્યાં સુધી પહોંચી જતો હતો અને ત્યાં આગળ ચંદ્રના બિંબ જેવું બિંબ રચતો હતો. ત્યાંથી પછી એ સ્તંભ ઉપર ચડતો ચડતો મસ્તકથી ખૂબ ખૂબ દૂર ઉપર ચાલ્યો ગયો અને એક પ્રચંડ સૂર્ય રૂપે ફેલાઈ ગયો, ખૂબ જ ઝળહળતા અને અનેક રંગોવાળા, એમાંથી પછી આખીયે પૃથ્વીને ઢાંકી દેતા સોનેરી પ્રકાશની વર્ષા થઇ રહી.

તે પછી પ્રકાશનો એ સ્તંભ ધીરે ધીરે નીચે ઊતરતો ગયો અને એક જીવંત પ્રકાશનો બનેલો લંબગોળ બની રહ્યો, અને તે બધાં ચક્રોને, મસ્તકની ઉપરનું ચક્ર, મસ્તક, ગળું, હૃદય, પેટનો મધ્ય ભાગ, કરોડરજ્જુનો પાયો અને તેથી પણ નીચેના ભાગમાં આવેલાં ચક્રોને, દરેક ચક્રને એક ખાસ રીતે, જાગૃત કરતો ગયો અને ગતિમાં મૂકતો ગયો. ઢીંચણની ઊંચાઈ આગળ, ઉપર ચડતા અને નીચે ઉતરતા પ્રવાહો એકબીજા સાથે જોડાઈ ગયા અને એ પરિભ્રમણ આ રીતે અસ્ખલિત બની ગયું, અને આખાયે સ્વરૂપને તેણે જીવંત પ્રકાશના એક પ્રચંડ લંબગોળથી વીંટી લીધું.

પછીથી ચેતના ધીરે ધીરે એક એક અવસ્થામાં થતી થતી, દરેક જગતની આગળ અટકતી અટકતી, શરીરની ચેતના પાછી આવી ગઈ ત્યાં સુધી નીચે ઊતરતી રહી. શરીરની ચેતનામાં પાછા આવી જવાની ક્રિયા, મારી સ્મૃતિ ચોક્કસ હોય તો, નવમી અવસ્થા હતી. આ ક્ષણે શરીર હજી પણ તદ્દન અક્કડ અને સ્થિર હતું.

પ્રાર્થનાઓ અને ધ્યાન - શ્રી માતાજી

૨૧ જુલાઈ ૧૯૧૪